સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૬/૨૦૨૨

આંક –૩૫

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૬/૨૦૨૨ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ચેતનભાઈ હરજીભાઈ સોલંકી (અનુસુચિત જાતી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9737342531 |
| ઉંમર આશરે | ૨૬ | વરસની | ધંધો | અભ્યાસ |
| રહેવાનુ | વૃદાવન સોસાયટી ડેરી પાછળ ધાનેરા તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી.. |

(૧) હાલ હું અભ્યાસ કરુ છુ. અમો ત્રણ ભાઈ બહેન છીએ. જેમાં સૌથી મોટો દશરથભાઈ તેનાથી નાનો હુ અને સૌથી નાની દેવીકાબેન છે.

(૨) તા.૨૩/૧/૨૨ના રોજ હું મારા ઘરે હાજર હતો. તે વખતે મારા પિતાજીએ મને કહેલુ કે મહશ્વરી પાર્લર ખાતે આપણુ પાર્સલ આવેલ છે તે તુ લઈ આવ.જેથી હું મહશ્વરીપાર્લર પર ગયેલો. પાર્લર ઉપર હાજર લજપતભાઈ મહેશ્વરીને કહેલ કે મારુ પાર્સલ આવેલ છે તે આપો તેમ કહેતા તેઓએ જણાવેલ કે અહીંયા કોઈ પાર્સલ આવેલ નથી જેથી મે કહેલ કે ગાડીવાળા ભાઈએ કહેલ કે પાર્સલ અહીયા આપેલ છે. જેથી મે મારા પિતાને ફોન કરેલ કે અહીંયા કોઈ પાર્સલ આવેલ નથી. લજપતભાઈએ મહેશ્વરી ના પાડેલ છે. જેથી મારા પિતાએ કહેલ કે તુ મને લેવા આવ હું તારી સાથે આવુ જેથી મારી પિતાજીને ઘરે લેવા ગયેલો. મારા પિતાજીને સાથે લઈ

સાહેદની સહી............................

મહેશ્વરી પાર્લર પર આવેલો. મારા પિતાજીએ લજપતભાઈને પાર્સલ બાબતે પુછતા લજપતભાઈએ કહેલ કે તમારુ કોઈ પાર્સલ આવેલ નથી. તમારા પાર્સલ લેવા માટે નવરા નથી બેઠા. જેથી મારા પિતાજીએ લજપતભાઈને કહેલ કે ઈકો ગાડીવાળાએ તેના મોબાઈલ નંબર પરથી અમને ફોન કરીને કહેલ છે કે તમારુ મહેશ્વરી પાર્લર ઉપર આપેલ છે. જેથી અમો લેવા માટે આવ્યા છીએ. જેથી લજપતભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને જણાવેલ કે તમારા પાર્સલ લેવા બેઠા નથી, તમો બધા ઢેઢા પાર્સલ બાબતે પુછપરછ કરો છો, અમોએ પાર્સલ લેવા માટેનો ઠેકો રાખેલ છે તેમ કહી જાતિ અપમાનિત શબ્દો બોલેલા. મારા પિતાજી તેઓને કહેલ કે અમો વડીલ થઈ આવા શબ્દો ના બોલો. તે સમયે તેમનુ ઉપરાણુ લઈ તેમના દિકરા રાહુલભાઈ મહેશ્વરી તથા બીજા બે ઈસમો આવેલા અને મારા પિતાજીને ધકકો મારી નીચે પાડી દીધેલા. આ રાહુલભાઈએ તેમના હાથમાંનો વજન કરવાનું ત્રાજવુ મારા પિતાજીને માથાના આગળના ભાગે તથા પાછળના ભાગે મારેલ. તેની સાથેના એક ઈસમે મને મોઢા ઉપર તેમજ પીઠના ભાગે ગડદાપાટુનો માર મારેલ. મારા પિતાજીને પણ ગડદાપાટુનો માર મારેલો અને આજુબાજુમાંથી બીજા માણસો આવી જતા અમોને વધુ મારમાંથી છોડાવેલ. ત્યારબાદ પોલીસ આવી જતા માણસોનું ટોળુ વિખેરાઈ ગયેલ. ત્યારબાદ મે ધાનેરા પોલીસ સ્ટેશને બનાવ સબંધે ફરીયાદ આપેલી. બીજુ કોઈ મારુ નિવેદન લીધેલ નથી. ફરીયાદ આપ્યા બાદ પોલીસ તા.૨૫/૧/૨૨ના રોજ સ્થળ પર આવેલી. પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલી. પોલીસે બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. ત્યારબાદ તપાસના કામે પોલીસને મે મારી જાતી અંગેનુ પ્રમાણપત્ર આપેલું. આરોપીઓને હું ઓળખુ છુ, જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે , તે તેજ છે.

સાહેદની સહી.............................

મને માર્ક:૧૧/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે , જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૩૬** આપવામાં આવે છે.

મને માર્ક:૧૧/૭ વાળું જાતિ અંગેનુ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે , જેમાં મારો ફોટો તથા નામ છે, જે પ્રમાણપત્ર મે મામલતદાર કચેરી ધાનેરાથી મેળવેલ છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૩૭** આપવામાં આવે છે.

મને મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટીમાંથી એક સફેદ કલરની થેલી નામ.કોર્ટ તથા પક્ષકારો સમક્ષ ખોલતા નીકળેલ એક ત્રાજવુ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે આ ત્રાજવુ રાહુલભાઈના હાથમાં હતુ , તેઓએ મારા પપ્પાને માથાના ભાગે મારેલ તે તેજ છે.

**સરતપાસ પુરી.**

**ઉલટ તપાસ આરોપીઓ તરફે વિ.વ.શ્રી.આઈ.એલ.દેસાઈ..**

(૩) એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાથી ધાનેરા પોલીસ સ્ટેશન આશરે દોઢ થી બે કિ.મી. જેટલુ દૂર છે. એ વાત ખરી છે કે ડીસા તરફથી આવતો રોડએ નેનાવા તરફ જાય છે અને એક રોડ ગામમાં બજારમાં જાય છે અને બનાવવાળી જગ્યાએથી સળંગ આખી બજાર ચાલુ થઈ જાય છે અને ત્યાં હોસ્પિટલો, દુકાનો અને મોટા કોર્મશીયલ બીલ્ડીંગો ચાલુ થઈ જાય છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી ગાડીઓની તેમજ રીક્ષાઓની તેમજ માણસોની અવર–જવર ચાલુ રહે છે. એ વાતની મને ખબર નથી કે મારા પિતાજી ઉપર ઘણી ફરીયાદો થયેલ છે અને મારા પિતાજીએ પણ ઘણી બધી ફરીયાદો બીજા સામે કરેલી છે. એ વાત ખરી નથી કે બનાવ સમયે આરોપી નં.૧ અને ૨ વાળાના કોઈ સગામાં મોત થયેલ હોવાના કારણે પાર્લર ખુલ્લુ ન હતુ અને પાર્લર ઉપર કોઈની હાજરી પણ ન હતી. એ

સાહેદની સહી............................

વાત ખરી નથી કે અમને કોઈ માર મારેલ નથી કે અમને કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ ધમકીઓ પણ આપેલ નથી કે કોઈ જાતિ વિરૂધ્ધ કોઈ અપમાનિત શબ્દો પણ કહેલ નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા આરોપીઓ પાસેથી પૈસા પડાવવા માટે ખોટી ફરીયાદ દાખલ કરેલી છે. એ વાતની મને ખબર નથી કે મારા પિતાજી જમીનો ખાલી કરાવવી, કોઈને ધમકીઓ આપવી આવા કામો કરે છે. એ વાત ખરી નથી કે જયારે પાર્લર ખુલ્લુ હોય ત્યારે અમો પાર્લર ઉપર આઈસ્ક્રીમ કે વસ્તુઓ લીધેલી હોય તો તેના પૈસા પણ આપતા નથી. એ વાત ખરી નથી કે હાલના આરોપીઓ વિરૂધ્ધ ખોટો કેશ કરેલ છે.

**ઉલટ તપાસ પુરી..**
**વિશેષ ઉલટતપાસ નથી..**
**ફેર ઉલટતપાસ નથી..**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૨/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી............................